# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ,આકાશવાણી, ભુજ

**DATE : 19-02-2025 DAY:WEDNESDAY EVENING : 6.25 TO 6.30 PM**

આકાશવાણી ભુજ સમાચાર **નેહલ ઠક્કર** વાંચે છે.

---

## રાજ્યપાલ – અંદાજપત્ર સત્ર

15મી ગુજરાત વિધાનસભાના અંદાજપત્ર સત્રનો આજે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના સંબોધનથી પ્રારંભ થયો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગૃહમાં પૂર્વ પ્રધાનમંત્રી સ્વર્ગીય ડૉ.મનમોહન સિંઘ, સ્વર્ગીય ધારાસભ્ય કરસન સોલંકી, પૂર્વ ઉપાધ્યક્ષ શંભૂજી ઠાકોર, પૂર્વ ધારાસભ્ય કમલેશ પટેલના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કર્યો. ત્યારબાદ ગૃહની કાર્યવાહી આવતીકાલ સુધી મુલતવી રાખવામાં આવી.સત્ર દરમિયાન વિધાનસભાના મેજ ઉપર અલગ અલગ કાગળો મૂકાશે તેમજ કામકાજ સમિતિના આઠમા અહેવાલની રજૂઆત કરાશે.આ સત્રમાં આરોગ્ય મંત્રી રૂષિકેશ પટેલ બે મહત્વના સરકારી વિધેયકો રજૂ કરશે, જેમાં ગુજરાત રાજ્ય ફિઝિયોથેરાપી કાઉન્સિલ રદ કરવા બાબત ખરડો અને ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ નોંધણી અને નિયમન સુધારા ખરડાનો સમાવેશ થાય છે.

---

## પશ્ચિમ કચ્છ પોલીસ - હેલ્પલાઇન .

પશ્ચિમ કચ્છ પોલીસ દ્વારા જાહેર જનતાને મદદરૂપ થવા માટે બે હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે. સાંભળીએ એક અહેવાલ (વોઈસ કાસ્ટ :અશરફ નથવાણી )

---

***(પશ્ચિમ કચ્છ પોલીસ દ્વારા જાહેર જનતાને મદદરૂપ થવા માટે બે હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે. કોઈપણ વ્યક્તિને પોલીસ સબંધિત મદદની જરૂર હોય ત્યારે નવા શરૂ કરાયેલા લેન્ડલાઈન નંબર 02832 260100 અને મોબાઈલ નંબર 6359629104 પર સંપર્ક કરી શકે છે. આ અંગે પશ્ચિમ કચ્છના SP વિકાસ સુંડાએ વધુ માહિતી આપી હતી.***

*(બાઈટ... વિકાસ સુંડા, પશ્ચિમ કચ્છ જિલ્લા પોલીસ અધીક્ષક)*

***આ હેલ્પલાઇન 24 કલાક અને સપ્તાહના સાતે દિવસ કાર્યરત રહેશે. જેના માટે બે અધિકારીઓની નિમણુક કરાઇ છે. ઉપરાંત, દર સોમ અને મંગળવારે પશ્ચિમ કચ્છ જિલ્લા પોલીસ અધીક્ષક વિકાસ સૂંડા અરજદારોની રૂબરૂ રજુઆતો સાંભળશે.)***

અશરફ નથવાણી, આકાશવાણી સમાચાર ભુજ

---

---

## ગાંધીધામ મનપા-અંદાજ પત્રની  તૈયારી

ગાંધીધામ મહાનગરપાલિકા હાલ દબાણ અને સફાઇ ઝુંબેશ પર વિશેષ ધ્યાન આપી રહી છે. સાથોસાથ અંદાજપત્રની પણ તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ બજેટમાં પ્રજાની ભાગીદારી રહે તે માટે સૂચનો મંગાવવામાં આવ્યા હતા. જેનો બહોળો પ્રતિસાદ સાપડતા લોકો દ્વારા 200 જેટલા વિવિધ સૂચનો મોકલવામાં આવ્યા હતા. સૂચનો પૈકી જે અમલીકરણ કરવા યોગ્ય હશે તેનો સમાવેશ કરીને લોકોની ભાગીદારી સાથેનું ગાંધીધામ મહાનગરપાલિકાનું આગામી અંદાજપત્ર તૈયાર કરાશે.

---

## મહેસુલ વિભાગ-મહેકમ મુદત

કલેક્ટર કચેરી, ભુજ અને અંજાર પ્રાંત કચેરી તથા કચ્છની તમામ મામલતદાર કચેરીઓમાં 23માંથી 15 જગ્યાના મહેકમની મુદત ફરી એક વખત લંબાવાઇ છે.

મહેસૂલ વિભાગના પરિપત્રથી કચ્છની કલેક્ટર કચેરી, ભુજ અને અંજાર પ્રાંત કચેરી તેમજ  તમામ મામલતદાર કચેરીઓમાં નાયબ કલેક્ટરની 1, નાયબ મામલતદારની  9, કારકુનની 5, આઉટસોર્સથી કોમ્પ્યૂટર ઓપરેટરની 8 મળી કુલ 23 જગ્યાનું મહેકમ મંજૂર કરાયું હતું. આ 23 જગ્યામાંથી નાયબ કલેક્ટરની 1, નાયબ મામલતદારની 9, કારકુનની 5 મળી કુલ 15 જગ્યા નાણાકીય વર્ષ 2025-26 માટે ૧ લી  માર્ચ ૨૦૨૫ થી 28મી ફેબ્રુઆરી 2026 સુધી ચાલુ રાખવાનો મહેસૂલ વિભાગે આદેશ કર્યો છે.

---

## જિલ્લા મેજિસ્ટ્રેટ - બોર-કુવા જાહેરનામું

કચ્છ જિલ્લા મેજિસ્ટ્રેટ અમિત અરોરા દ્વારા બહાર પાડેલા જાહેરનામા મુજબ  જિલ્લાની મહેસૂલી હદમાં બોર-કુવા બનાવવા પહેલાં તથા બનાવ્યા બાદ બોરવેલ/ટયૂબ વેલના માલિક/ઉપયોગ કર્તા/ડ્રીલીંગ એજન્સીએ બોર વેલ/ટ્યૂબ વેલનું બાંધકામ શરૂ કરતા પહેલા જગ્યાના માલિકે સત્તામંડળ તથા સ્થાનિક પોલીસને ૧૫ દિવસ પહેલા જાણ કરવાની રહેશે. તમામ સરકારી, અર્ધ સરકારી, પ્રાઇવેટ ડ્રીલીંગ એજન્સીએ સ્થાનિક સતામંડળ પાસે રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

બોર વેલ/ ટ્યૂબ વેલનું બાંધકામ અથવા સમારકામ વખતે એજન્સી અથવા  માલિક નું નામ તથા પૂરું સરનામું આપવું પડશે.આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લામાં. તારીખ ૧૨ એપ્રિલ ૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

---

# માંડવી નગરપાલિકા બાગ બગીચા વિકાસ

માંડવી નગરપાલિકાએ  શહેરના ત્રણ બગીચાઓમાં નવા રમત ગમતના સાધનો સ્થાપિત કરી લોકોની અને બાળકોની સુવિધામાં વધારો કર્યો છે. ખજુરમલ બાલ વાટિકા, મહિલા બાગ અને ચુનીલાલ વેલજી મહેતા ઉદ્યાનમાં જૂના સાધનો જર્જરિત થઈ ગયા હતા. જેના સ્થાને નવા સાધનો વિકસાવવા સામાન્ય સભામાં મંજૂરી આપવામાં આવી. કુલ ૩૦ લાખના ખર્ચે લપસણી, હિંચકા, રમત ગમતના સાધનો, બાંકડાઓ અને નાના

ભુલકાઓ માટે પક્ષી અને જાનવરોની આકૃતિવાળા રમકડા સ્થાપિત કરવામાં આવી રહ્યા છે.

-------------------------------------------------------------------------------